Ray Optics

DATE

SCIENCE EDUCARE
www.scienceeducare.com

↳ optics એ ભૌતિક વિજ્ઞાનની શાખા છે જે પ્રકાશ સંબંધી સંશોધનો કરે છે.

↳ પ્રકાશ એ ઊર્જાનું સ્વરૂપ છે જે આપણને જુદા જુદા પદાર્થો જોવામાં મદદ કરે છે.

↳ optics ના બે પ્રકાર છે:

① Ray optics: આ પ્રકારમાં આપણે પ્રકાશને કિરણ તરીકે ધારીએ છીએ, જેનું પરાવર્તન અને વક્રીભવન સમજવામાં આવે છે.

↳ Ray optics માં તરંગલંબાઇ obstacle કરતાં ખૂબ જ ઓછી જોઇએ. ($\lambda < a$)

② તરંગ optics: આ પ્રકારમાં આપણે પ્રકાશને તરંગ તરીકે ધારીને તેનું વક્રીભવન અને વ્યતિભવન સમજીએ છીએ.

⇝ પ્રકાશનું પરાવર્તન :- જ્યારે માધ્યમની સપાટી પર પ્રકાશનું કિરણ આપાત કરવામાં આવે ત્યારે તે સમાન માધ્યમમાં પાછું ફેંકાય છે. તે ગુણધર્મને પ્રકાશનું પરાવર્તન કહે છે.

પરાવર્તન માટે સપાટી finish કરેલી અથવા લીસી જોઇએ. દા.ત. સમતલ અરીસો.



www.scienceeducare.com

SCIENCE EDUCARE
www.scienceeducare.com

↳ પરાવર્તનનાં નિયમો :

(1) $\angle i = \angle r$ (આપાતકોણ = પરાવર્તન કોણ)

(2) આપાત કિરણ, સામાન્ય (Normal) અને પરાવર્તિત કિરણ એક જ સમતલમાં હોવા જોઈએ.

↳ પરાવર્તનનો નિયમ બધા પ્રકારની સપાટી માટે સાચો છે. દા.ત. સમતલ કે અસમતલ સપાટી.

↳ નોંધ :

(i) $\angle i = 0$ હોય તો

$\angle r = 0$ એટલે કે પ્રકાશ કિરણ Normal માર્ગે આપાત થઈ જ માર્ગે પાછું પડે છે.



(2) પરાવર્તનમાં વેગ, આવૃત્તિ, તરંગલંબાઈ સમાન રહે છે પરંતુ તીવ્રતા અને કંપવિસ્તાર બદલાય છે કારણ કે અમુક ઊર્જા સપાટી દ્વારા શોષાય છે.

(3) પાકા માધ્યમમાંથી પરાવર્તન માં કળા તફાવત 0 હોય.



ઘટ્ટ માધ્યમમાંથી પરાવર્તનમાં કળા તફાવત π હોય.



www.scienceeducare.com

SCIENCE EDUCARE
www.scienceeducare.com

DATE

પરાવર્તનનાં પ્રકાર :

Regular (સમાન)	Irregular / Diffused (અસમાન)
જ્યારે સમતલ સપાટી પર પ્રકાશનાં સમાંતર કિરણો આપાત થાય તો પરાવર્તન બાદ તે સમાંતર જ ગતિ કરે.	જ્યારે સમતલ સપાટી પર પ્રકાશનાં સમાંતર કિરણો આપાત થાય ત્યારે પરાવર્તન બાદ એકબીજાને અસમાંતર ગતિ કરે.

* સમતલ સપાટીથી પરાવર્તન *

(i) જ્યારે સમતલ અરિસાની સામે વસ્તુને મુકવામાં આવે તો રચાતુ પ્રતિબિંબ આભાસી, સીધુ, સમાન કદનુ અને અરિસાની પાછળ સમાન અંતરે રચાય.



(2) જ્યારે કોઈ વસ્તુ સમતલ અરિસાની નજીક રાખવા તેનાથી દૂર v વેગથી ગતિ કરે તો તેનું પ્રતિબિંબ પણ તેટલા જ વેગથી ગતિ કરે. પરંતુ વસ્તુની સાપેક્ષે પ્રતિબિંબનો વેગ '2v' હોય.

www.scienceeducare.com



વસ્તુની સાપેક્ષે પ્રતિબિંબની
ઉંચા = V - (-V)
= 2V

(3) સમતલ અરિસા દ્વારા રચાતુ પ્રતિબિંબ અને વસ્તુમાં ડાબુ અને જમણુ સ્થાન અનગ હોય છે. એટલે કે વસ્તુનું જમણુ એ પ્રતિબિંબનું ડાબુ.

R T	T R
J V	V T
S	S
B	B
K	K

↳ અંગ્રેજી મૂળાક્ષરોમાં માત્ર A, H, I, M, O, T, U, V, W, X, Y જ ઊલટા ન વાચ.

Q: સમતલ અરિસાથી 10 cm અંતરે બિંદુ પદાર્થ મુકેલો છે. એક માણસ વસ્તુની પાછળ 30 cm અંતરે ઉભો છે. તો માણસને પ્રતિબિંબ કેટલા અંતરે દેખાય?

અરિસાથી



⇒ વિચલન કોણ (δ): આપાત કિરણને લંબાવતાં, આ લંબાયેલા આપાત કિરણ અને પરાવર્તિત કિરણ વચ્ચેનો કોણ.

www.scienceeducare.com



$i + r + \delta = 180$

$\therefore \delta = 180 - (i + r)$

પરંતુ $i = r$

$\therefore \delta = 180 - 2i$

અથવા

$\delta = 180 - 2r$

(5) રેખીય વિસ્તૃતીકરણ :

$$m = \frac{\text{પ્રતિબિંબનું કદ}}{\text{વસ્તુનું કદ}} = \frac{I}{O}$$

સમતલ અરિસા માટે $m = +1$

+ ચિહ્ન પ્રતિબિંબ વસ્તુ છાપિ છે.

(6) જ્યારે પોકાક બાડા સમતલ અરિસા સામે વસ્તુને મુકવામાં આવે ત્યારે અમુક સંખ્યામાં પ્રતિબિંબો રચાય છે. જેમા 2nd પ્રતિબિંબ સૌથી પ્રકાશિત હોય. કારણ કે Polished સપાટીનું પ્રતિબિંબ છે.



www.scienceeducare.com

SCIENCE EDUCARE
www.scienceeducare.com

DATE

(7) સમતલ અરિસા માટે

f = કેન્દ્ર લંબાઇ = ∞ , પાવર = $\frac{1}{f} = \frac{1}{\infty} = 0$.

(૪) જો માણસ સમતલ અરિસામાં પોતાને જોવા માગતો હોય, તો અરિસાની ન્યુનતમ ઊંચાઇ માણસની ઊંચાઇથી અડધી હોવી જોઇએ. આ પરિણામ આંખની સ્થિતિ પર આધારિત નથી.



માણસ (AB).

$AP = PE = \frac{1}{2} AE$

$EQ = QB = \frac{1}{2} EB$

$\therefore M_1M_2 = PQ$

$= PE + EQ$

$\Rightarrow \frac{1}{2} AE + \frac{1}{2} EB$

$M_1M_2 \Rightarrow \frac{1}{2} AB$

(9) જો માણસ તેની પાછળની બાજુ રહેલી દિવાલને અરિસા-માં જોવા માગે તો અરિસાની લંબાઇ દિવાલ કરતાં ત્રીજા ભાગની હોવી જોઇએ.



$m_1m_2 = \frac{1}{3} AB$

www.scienceeducare.com

SCIENCE EDUCARE
www.scienceeducare.com

(10) આપાત કિરણનું વલન તે જ રાખીએ પરંતુ જો પરિમાણ θ કોણ બમણો કરીએ તો પરાવર્તિત કિરણ 2θ જેટલું બમણો થશે.



(11) જો બે સમતલ અરિસા વચ્ચેનો કોણ θ હોય તો

(a) જો $\frac{360}{\theta}$ બેકી સંખ્યા હોય તો પ્રતિબિંબોની

સંખ્યા $= \left(\frac{360}{\theta} - 1\right)$

(b) જો $\frac{360}{\theta}$ એકી સંખ્યા તો

↳ (i) જો વસ્તુ અસમરૂપપણે મુકેલ હોય તો

પ્રતિબિંબોની સંખ્યા $= 360/\theta$

(ii) જો વસ્તુ સમરૂપપણે મુકેલ હોય તો

પ્રતિબિંબોની સંખ્યા $= \frac{360}{\theta} - 1$

(c) જો $\frac{360}{\theta}$ અપૂર્ણાંક મળે તો પ્રતિબિંબોની

સંખ્યા = જે. Integral Part

www.scienceeducare.com

SCIENCE EDUCARE
www.scienceeducare.com

DATE

θ	$\frac{360}{\theta}$	પ્રતિબિંબોની સંખ્યા	
		Unsymmetrical	Symmetrical
0	∞	∞	
30	12	11	
40	9	9	8
60	6	5	
72	5	5	4
90	4	3	
100	3.6	3	

(12)



બધા જ પ્રતિબિંબો વર્તુળ પર જ પડે છે.

(13).



$\theta + 90^\circ - i + 90^\circ - r = 180$

$\theta - i - r = 0$

$\therefore \theta = i + r$

www.scienceeducare.com

SCIENCE EDUCARE
www.scienceeducare.com

વિચલન કોણ

$\delta_1 = 180° - 2i$

$\delta_2 = 180 - 2r$

કુલ વિચલન

$\delta = \delta_1 + \delta_2$

$= 180 - 2i + 180 - 2r$

$\delta \Rightarrow 360 - 2(i+r)$

$\boxed{\delta = 360 - 2\theta}$ → આ સમતલ અરિસાથી વિચલન કોણ છે.

Q: M_1 ની જગ્યા રાખવા માટે પ્રતિબિંબોનું સ્થાન શોધો.



↳ 2cm, 18cm, 22cm.

↓ ↓

(10+8) (12+10)

www.scienceeducare.com

SCIENCE EDUCARE
www.scienceeducare.com

DATE

* ગોળ અરિસાથી પ્રકાશ પરાવર્તન *

↳ ગોળાકાર અરિસો: ગોળાનો નાનો ભાગ કાપીને તેની એક તરફ Polish કરવામાં આવે તો ગોળાકાર અરિસો બને છે. તેના બે પ્રકાર છે.

(1) અંતર્ગોળ અરિસો: અરિસાની અંદરની સપાટી ચમકતી હોય.

(2) બહિર્ગોળ અરિસો: અરિસાની બહારની સપાટી ચમકતી હોય.



અંતર્ગોળ



બહિર્ગોળ.

↳ અરિસાનાં અમુક ભાગો:



(1) ધ્રુવ: ધ્રુવ અરિસાનુ કેન્દ્ર કે જ્યાંથી બધા અંતરો માપવામાં આવે છે.

(2) ધ્રુવ કેન્દ્ર (C): જેમાંથી ગોળાકાર અરિસો મળે તે ગોળાનું કેન્દ્ર.

www.scienceeducare.com

(3) મુખ્ય અક્ષ: વક્રકેન્દ્ર (મુખ્યકેન્દ્ર) અને ધ્રુવને જોડતી રેખા, જે બંને તરફ લંબાવી શકાય છે.

(4) વક્ર ત્રિજ્યા: વક્રકેન્દ્ર અને ધ્રુવ વચ્ચેનું અંતર.

(5) મુખ્યકેન્દ્ર: મુખ્ય અક્ષને સમાંતર આપાત થતું પ્રકાશનું (Focus) કિરણ જે બિંદુથી પરાવર્તન પામે તે બિંદુને મુખ્ય કેન્દ્ર કહે છે.

(6) કેન્દ્ર અંતર: મુખ્યકેન્દ્ર અને ધ્રુવ વચ્ચેનું અંતર.

↳ f & R વચ્ચેનો સંબંધ:



ΔNOCમાં,

$\tan\theta = \frac{NO}{CO}$

જો θ નાનો હોય તો,

$\tan\theta \approx \theta$

$\therefore \theta = \frac{NO}{CO}$ — (1)

N થી આવતા લંબ રેખા મુખ્ય અક્ષ સુધી દોરો.

ΔNOFમાં

$\tan 2\theta = \frac{NO}{FO} \Rightarrow 2\theta = \frac{NO}{FO}$

θનું મૂલ્ય (1)માંથી મુકો,

$\frac{2NO}{CO} = \frac{NO}{FO} \Rightarrow 2FO = CO$ — (2)

↳ જો વક્ર અરીસાનું aperture નાનું હોય તો,

$FO = FP$ અને $CO = CP$

www.scienceeducare.com

↳ આ કિંમત (2) માં મુકતાં,

$2Fp = CP$

$2f = R$

$\therefore \boxed{f = \frac{R}{2}}$

↳ વક્ર અરિસાની કેન્દ્રાંતરાઇ માત્ર R પર આધારીત છે. માધ્યમ પર આધારિત નથી. તેમજ આપાત પ્રકાશના રંગ પર પણ આધારિત નથી.

>>> અરિસાનું સમીકરણ :-



↳ ΔABC અને $\Delta A'B'C$ માં,

$\frac{AB}{BC} = \frac{A'B'}{B'C}$

$\frac{AB}{A'B'} = \frac{BC}{B'C}$ —(1)

↳ ΔMNF અને $\Delta A'B'F$ માં,

$\frac{MN}{NF} = \frac{A'B'}{B'F}$

$\therefore \frac{AB}{A'B'} = \frac{NF}{B'F}$ —(2)

($\because MN = AB$)

(1) અને (2) ને સરખાવતાં,

$\frac{BC}{B'C} = \frac{NF}{B'F}$

$\frac{u-2f}{2f-v} = \frac{f}{v-f}$

$uv - uf - 2vf + 2f^2 = 2f^2 - vf$

SCIENCE EDUCARE
www.scienceeducare.com
www.scienceeducare.com

SCIENCE EDUCARE
www.scienceeducare.com

$$\text{પV} = \text{પf} + \text{Vf}$$

↳ પVf વડે ભાગતાં,

$$\frac{\text{પV}}{\text{પVf}} = \frac{\text{પf}}{\text{પVf}} + \frac{\text{Vf}}{\text{પVf}}$$

$$\therefore \frac{1}{f} = \frac{1}{u} + \frac{1}{v}$$

પ = પદાર્થનું દ્રુવથી અંતર
V = પ્રતિબિંબનું દ્રુવથી અંતર
f = દ્રુવથી મુખ્ય કેન્દ્રનું અંતર.



$$\frac{1}{f} = \frac{1}{u} + \frac{1}{v}$$

$$\frac{1}{v} = \frac{-1}{u} + \frac{1}{f}$$

$\frac{1}{v}$ → y, $\frac{-1}{u}$ → x, $\frac{1}{f}$ → c

⇝ પ્રતિબિંબ રચવા માટેનાં નિયમો :-

(i) મુખ્ય અક્ષને સમાંતર રીતે પ્રકાશનું કિરણ અરિસા પર આપાત થાય તો પરાવર્તન બાદ તે મુખ્ય કેન્દ્રમાંથી પસાર થાય.



www.scienceeducare.com

SCIENCE EDUCARE
www.scienceeducare.com

(ii) જો મુખ્ય કેન્દ્રમાંથી પસાર થઈને પ્રકાશનું કિરણ અરિસા પર આપાત થાય તો પરાવર્તન બાદ તે મુખ્ય અક્ષને સમાંતર પસાર થાય છે.



(iii) જો પ્રકાશનું કિરણ અરિસાનાં ધ્રુવ ભાગનાં કેન્દ્રમાંથી પસાર થાય તો પરાવર્તન બાદ તેજ ભાગે પાછુ જશે.



(iv)



www.scienceeducare.com

SCIENCE EDUCARE
www.scienceeducare.com

DATE

૫૨ અંતર્ગોળ અરીસા વડે બનતું પ્રતિબિંબ :-



(1) જ્યારે વસ્તુ ∞ હોય



પાસ્તાપિક
ઊંધું
નાનું
મુખ્ય કેન્દ્રુ પર

(2) જ્યારે વસ્તુ C પર હોય :



પાસ્તાપિક
ઊંધું
સમાન કદનું
C પર.

www.scienceeducare.com

SCIENCE EDUCARE
www.scienceeducare.com

DATE

(3) જ્યારે વસ્તુ P & F વચ્ચે હોય



આભાસી
ચતુ
મોટું
વસ્તુની
અરિસાની પાછળ

☆ બહિર્ગોળ અરિસાથી રચાતાં પ્રતિબિંબ:



આભાસી
નાનું
ચતુ
P & F વચ્ચે.

☆ અરિસાનાં ઉપયોગો:

(1) સમતલ અરિસો: પોતાનું સંપૂર્ણ પ્રતિબિંબ મેવા માટે.

(2) અંતર્ગોળ અરિસો: આંખ, નાક અને દાંતનાં દાક્તર તેનો ઉપયોગ કરે અને તે shuving માટે પણ વપરાય છે.

(3) બહિર્ગોળ અરિસો: વાહનોમાં પાછળનાં વાહનોને મેવા.

www.scienceeducare.com

SCIENCE EDUCARE
www.scienceeducare.com

Q: અંતર્ગોળ અરિસાની સામે વસ્તુને ક્યાં મુકવી જોઈએ જેથી સમાન કદનું પ્રતિબિંબ મળે?
↳ C પર

Q: અંતર્ગોળ અરિસાની સામે વસ્તુને ક્યાં મુકવાથી આભાસી પ્રતિબિંબ મળે?
↳ P અને F ની વચ્ચે.

Q: અંતર્ગોળ અરિસામાં વસ્તુ અને તેનાં વાસ્તવિક પ્રતિબિંબ વચ્ચેનું ન્યુનતમ અંતર કેટલું હોય?
↳ 0 C વસ્તુ C પર હોય?

Q: અંતર્ગોળ અરિસા તરફ વસ્તુ ગતિ કરે તો તેનું પ્રતિબિંબ ...
↳ અરિસાથી દૂર ગતિ કરે.

Q: અંતર્ગોળ અરિસાની પાછળની તરફ આભાસી વસ્તુ મુકીએ તો તેનું પ્રતિબિંબ ...
↳ વાસ્તવિક, સીધુ, નાનુ.

★ વાસ્તવિક વસ્તુનું વાસ્તવિક પ્રતિબિંબ તે જ બાજુ મળે પરંતુ આભાસી પ્રતિબિંબ અરિસાની પાછળની બાજુ મળે.

Sign Convention:



www.scienceeducare.com

SCIENCE EDUCARE
www.scienceeducare.com

- બધા જ અંતરો દ્રુવ થી માપવામાં આવે.
- દ્રુવની ડાબી તરફ અંતર ઋણ અને જમણી તરફ અંતર ધન.
- મુખ્ય અક્ષની ઉપર તરફ અંતર ધન અને નીચે તરફ અંતર ઋણ.
- આપાત કિરણની અંતર હંમેશા ડાબી તરફથી જમણી તરફ લેવાય છે.



- વાસ્તવિક વસ્તુ માટે u હંમેશા ઋણ હોય.
- અંતર્ગોળ અરિસા માટે $f = -ve$ અને બહિર્ગોળ અરિસા માટે $f = +ve$.
- બધીજ રાશિઓને ચિન્હ સાથે મુકવી અને પ્રશ્નમાં રાશિનાં ચિન્હો શોધીને મુકવા.

Q. 10 cm કેન્દ્રાંતર ધરાવતા અંતર્ગોળ અરિસાથી કેટલા અંતરે વસ્તુ મુકવી જોઈએ જેથી 15 cm અંતરે વાસ્તવિક પ્રતિબિંબ બને.

Ans. $f = -10\ cm$

$v = -15\ cm$

$u = ?$

$$\frac{1}{u} = \frac{1}{f} - \frac{1}{v} \Rightarrow \frac{1}{u} = \frac{1}{-10} + \frac{1}{15}$$

www.scienceeducare.com

$\frac{1}{u} = \frac{-1}{30}$

$\therefore u = -30\,cm$

↳ વસ્તુને અરિસાની સામે 30 cm અંતરે મુકવી જોઈએ.

Q: 30 cm કેન્દ્રાંતરનાં અંતર્ગોળ અરિસાથી 30 cm અંતરે વિંધું વસ્તુ મુકેલ છે. તો પ્રતિબિંબનું સ્થાન જણાવો.

↳ $f = 30\,cm, \quad u = -30\,cm, \quad V = ?$

$\frac{1}{V} = \frac{1}{30} - \frac{1}{-30} \Rightarrow \frac{1}{30} + \frac{1}{30} \Rightarrow \frac{1}{15}$

$\therefore V = 15\,cm$

↳ અરિસાની બાજુમાં 15 cm અંતરે પ્રતિબિંબ મળે.

Ans) પ્રૂફનું સૂત્ર :



$\frac{1}{f} = \frac{1}{V} + \frac{1}{u}$

$\Rightarrow \frac{1}{(f+x_1)} + \frac{1}{(f+x_2)}$

$\frac{1}{f} = \frac{x_1 + x_2 + f + f}{(x_1+f)(x_2+f)}$

www.scienceeducare.com

$$2f^2 + (x_2+x_1)f = x_1x_2 + f^2 + (x_1+x_2)f$$

$$f^2 = x_1x_2 \quad \therefore \boxed{f = \sqrt{x_1x_2}}$$

રેખીય વિસ્તૃતીકરણ : (m)

m = વસ્તુ પ્રતિબિંબનું કદ $\rightarrow \frac{I}{O}$
વસ્તુનું કદ



$$\frac{(+O)}{(-u)} = \frac{(-I)}{(-v)}$$

$$\therefore \boxed{\frac{I}{O} = \frac{-v}{u}}$$

↳ અરિસાનું સૂત્ર

$$\frac{1}{f} = \frac{1}{u} + \frac{1}{v}$$

$$\boxed{m = \frac{f}{f-u} \rightarrow \frac{f-v}{f}}$$

↳ વાસ્તવિક પ્રતિબિંબ માટે m = -ve
આભાસી પ્રતિબિંબ માટે m = +ve

Q: f જેટલું અંતરાલ ધરાવતા અંતર્ગોળ અરિસાની કેટલા અંતરે વસ્તુને મુકવી જોઈએ જેથી વાસ્તવિક પ્રતિબિંબ ન મળે.

↳ જેટલું અંતરાલ = $-f$
$m = -n$

www.scienceeducare.com

$$m = \frac{f}{f-u}$$

$$-m = \frac{-f}{-f-u}$$

$$\therefore mf + mu = -f$$

$$\therefore mu = -f - mf$$

$$\therefore u = \frac{-(f+mf)}{m}$$

$$\boxed{u = -\frac{f(1+m)}{m}}$$

Q: 15 cm કેન્દ્રાંતર ધરાવતા બહિર્ગોળ અરીસાથી પદાર્થ કરતાં 3 ગણું મોટું આભાસી પ્રતિબિંબ મળે છે તો પદાર્થનું સ્થાન શોધો.

=

$$f = -15 \text{ cm}$$

$$m = +3$$

$$m = \frac{f}{f-u}$$

$$3 = \frac{-15}{f-u}$$

$$3(-15-u) = -15$$

$$\therefore u = -12 \text{ cm}$$

www.scienceeducare.com

DATE

☆ વિસ્તૃતીકરણનાં પ્રકારો :-

(i) ત્રાંસુ વિસ્તૃતીકરણ : જો વસ્તુ મુખ્ય અક્ષને લંબ મુકેલી હોય તો.
(Trinsverse)

$$m_T = \frac{I}{O} = \frac{-v}{u} = \frac{f}{f-u} = \frac{f-v}{f}$$



(2) રેખીય વિસ્તૃતીકરણ : જો વસ્તુ મુખ્ય અક્ષ પર મુકેલ હોય.

$$m_L = \frac{I}{O} = \frac{-dv}{du} = \frac{v^2}{u^2} = \left(\frac{f}{f-u}\right)^2$$

m_T અને m_L નો સબંધ

$$m_L = m_T^2$$



(3) છીછરુ વિસ્તૃતીકરણ : અરિસાની સામે ત્રિપરિમાણીય વસ્તુ મુકેલી હોય તો.

$$A_I = m^2 \cdot A_0$$

$$A_I = \left(\frac{f}{f-u}\right)^2 \cdot A_0$$



ઉ.દા. $f = 10$ cm ધરાવતાં અંતર્ગોળ અરિસાની સામે 25 cm અંતરે 3 cm બાજુનો ચોરસ તાર મુકેલો હોય તો પ્રતિબિંબનું ક્ષેત્રફળ શોધો.

↳ $A_0 = 3^2 = 9$ cm²

$f = -10$ cm

$u = -25$ cm

SCIENCE EDUCARE
www.scienceeducare.com

$$A_I = \left(\frac{-10}{-10+25}\right)^2 \times 9 \Rightarrow 4\ cm^2$$

★ પ્રતિબિંબનો વેગ:

$$\frac{1}{f} = \frac{1}{u} + \frac{1}{v}$$

t ની સાથેઓ વિકલન કરતાં,

$$0 = \left(\frac{-1}{u^2}\right) \cdot \frac{du}{dt} + \left(\frac{-1}{v^2}\right) \cdot \frac{dv}{dt}$$

$$\frac{1}{v^2} \cdot \frac{dv}{dt} = \left(\frac{-1}{u^2}\right) \cdot \frac{du}{dt}$$

$$V_I = \frac{-v^2}{u^2} \cdot V_0$$

$$\boxed{V_I = \left(\frac{f}{f-u}\right)^2 \cdot V_0}$$

ઉદા: $f = 24$ cm નાં અંતર્ગોળ અરિસાની સામે 9 cm/s વેગથી વસ્તુ ગતિ કરે છે. તો જ્યારે વસ્તુ 60 cm અંતરે હોય અરિસાથી, ત્યારે તેનાં પ્રતિબિંબનો વેગ શોધો.

↳ $f = -24$ cm, $V_0 = 9$ cm/sec, $u = -60$ cm

$$V_I = \left[\frac{-24}{-24-(-60)}\right]^2 \times 9$$

$$\Rightarrow \frac{-4}{9} \times 9 \Rightarrow \cancel{+16\ cm/s}, +6\ cm \text{ or } -6\ cm$$

અરિસાથી દૂર.

www.scienceeducare.com

SCIENCE EDUCARE
www.scienceeducare.com

DATE

* સમતલ સપાટી પરથી વક્રીભવન *

↳ **પ્રકાશનું વક્રીભવન :** એક માધ્યમમાં ગતિ કરતું પ્રકાશનું કિરણ બીજા માધ્યમમાં પ્રવેશે ત્યારે બંને માધ્યમોને અલગ કરતી રેખામાંથી પસાર થાય ત્યારે પોતાનો માર્ગ સહેજ બદલે છે. તેને પ્રકાશનું વક્રીભવન કહે છે.

ઊ.દા.: પાણીમાં મુકેલો સળિયો ત્રાંસો દેખાય છે અને પાણીમાં મુકેલો સિક્કો સહેજ ઊંચો દેખાય છે.



⇒ **વક્રીભવનનાં નિયમો:**

(i) આપાત કિરણ, Normal અને વક્રીભુત કિરણ સમાન સમતલમાં હોય.

(2) **સ્નેલનો નિયમ:**

$$_1\mu_2 = \frac{\sin i}{\sin r}$$

માધ્યમ 1 ની સાપેક્ષે માધ્યમ 2 ની રિફ્રેક્ટીવ ઇન્ડેક્ષ.

www.scienceeducare.com

SCIENCE EDUCARE
www.scienceeducare.com

$$_1\mu_2 = \frac{\mu_2}{\mu_1} = \frac{\sin i}{\sin r}$$

↳ વક્રીભવનનાં નિયમોનું તારણ:

(1) આવૃત્તિ (ν) → ન બદલાય.
વેગ અને તરંગલંબાઈ → વક્રીભવન સમયે બદલાય.
આનો ઉપયોગ પ્રકાશનાં રંગ જાણવા થાય છે.

(2) માધ્યમ 2 પ્રકારનાં હોય છે.
(1) આછું માધ્યમ :- V વધુ, μ નાનો
(2) ઘટ્ટ માધ્યમ :- V ઓછો, μ મોટો

$\mu_{હવા} = 1$

$\mu_{બરફ} = 4/3 = 1.33$

$\mu_{કાચ} = 3/2 = 1.5$

⇒ પરાવર્તનનાં ગુણધર્મો:

(i) જ્યારે પ્રકાશનું કિરણ પાતળા (આછા) માધ્યમમાંથી ઘટ્ટ માધ્યમમાં જાય ત્યારે તે Normal તરફ વળે છે.

(2) જ્યારે પ્રકાશનું કિરણ ઘટ્ટ માધ્યમ માંથી પાતળા માધ્યમમાં જાય ત્યારે તે Normal થી દૂર જાય છે.



www.scienceeducare.com

SCIENCE EDUCARE
www.scienceeducare.com

DATE

⇒ વક્રીભવન ના થાય તે માટેની શરતો:

(1) પ્રકાશ કિરણ માધ્યમને અલગ કરતી રેખાને લંબ આપાત થાય.



(2) બંને માધ્યમની રિફ્રેક્ટીવ ઇન્ડેક્સ (R_f) સમાન હોય.



⇒ રિફ્રેક્ટીવ ઇન્ડેક્સનાં પ્રકારો:

(1) Absolute R_f : (μ)

$$\mu = \frac{C}{V}$$

⇒ શૂન્યાવકાશમાં પ્રકાશનો વેગ / માધ્યમમાં પ્રકાશનો વેગ.

$\mu > 1$



(2) સાપેક્ષ રિફ્રેક્ટીવ ઇન્ડેક્સ:

$$\therefore {}_1\mu_2 = \mu_2/\mu_1$$

$$\Rightarrow \frac{C/V_2}{C/V_1} \Rightarrow \frac{V_1}{V_2} \Rightarrow \frac{n_2}{n_1}$$

$$\therefore {}_1\mu_2 = \frac{\lambda_1}{\lambda_2}$$



www.scienceeducare.com

SCIENCE EDUCARE
www.scienceeducare.com

DATE

$$\boxed{{}_1\mu_2 = \frac{\mu_2}{\mu_1} = \frac{v_1}{v_2} = \frac{\lambda_1}{\lambda_2}}$$ { પ્રકાશની આવૃત્તિ કોઇ માધ્યમનાં કારણે ન બદલાય.

$\mu \propto \frac{1}{\lambda}$ ∴ $\mu_{મંજલી} = max^m$ (મહત્તમ)

$\mu_{લાલ}$ = ન્યુનતમ

Q: હવામાં ગતિ કરતું પ્રકાશનું કિરણ માધ્યમમાં પ્રવેશે છે જ્યાં તેની આવૃત્તિ 2×10^{14} Hz અને તરંગલંબાઇ 5000 A° છે. તો માધ્યમની રિફ્રેક્ટીવ ઇન્ડેક્સ શોધો.

↳ $\mu = \frac{c}{v} = \frac{c}{n\lambda}$

$\Rightarrow \frac{3\times10^8}{2\times10^{14}\times5\times10^{-7}}$

$\Rightarrow 3\times10^{8-8}$

$\mu \Rightarrow 3$

$v = n\lambda$

$\Rightarrow 2\times10^{14}\times5\times10^{-7}$

$v \Rightarrow 10^8$ m/s

Q: હવામાં પ્રકાશની તરંગલંબાઇ 5000 A° છે. તે $\mu = 4/3$ ધરાવતાં પાણીમાં પ્રવેશે તો તેની તરંગલંબાઇ શોધો.

↳ $\mu = c/v$

$\Rightarrow \frac{n\lambda_1}{n\lambda_2} \Rightarrow \frac{\lambda_1}{\lambda_2}$

$4/3 = \frac{6000}{n}$

∴ $n = \frac{6000\times3}{4} \Rightarrow 4500$ A°

Q: કાચ અને પાણીની રિફ્રેક્ટીવ ઇન્ડેક્સ અનુક્રમે 3/2 અને 4/3 છે. કાચમાં પ્રકાશનો વેગ 2×10^8 m/s હોય તો પાણીમાં વેગ શોધો.

www.scienceeducare.com

SCIENCE EDUCARE
www.scienceeducare.com

$$\frac{\mu_2}{\mu_1} = \frac{v_1}{v_2}$$

$$\frac{3/2}{4/3} = \frac{v}{2\times10^8} \Rightarrow v = \frac{3\times10^8\times3}{4} \Rightarrow 2.25\times10^8 \text{ m/s}$$

* પ્રકાશની Reversibility નો નિયમ : જ્યારે પ્રકાશનું કિરણ માધ્યમ 1 માંથી માધ્યમ 2 માં જાય ત્યારે તેનાં માર્ગથી સહેજ અલગ છે. જો સામાન્ય આપાત માટે પ્રકાશનો કિરણનાં માર્ગમાં સમતલ અરિસો મુકવામાં આવે તો તે સમાન માર્ગ પાછુ ફરે છે.



સ્નેલનો નિયમ

$$_1\mu_2 = \frac{\sin i}{\sin r}$$

$$_2\mu_1 = \frac{\sin r}{\sin i}$$

બંનેનો ગુણાકાર કરતાં

$$_1\mu_2 \times {}_2\mu_1 = 1$$

$$\therefore \boxed{_1\mu_2 = \frac{1}{{}_2\mu_1}}$$

$$_a\mu_w = 4/3 \ , \ {}_w\mu_a = 3/4$$

w = પાણી , a = હવા.

www.scienceeducare.com

SCIENCE EDUCARE
www.scienceeducare.com

અમુક સમાંતર માધ્યમોમાંના કારણે વક્રીભવન :



↳ જો પહેલું અને છેલ્લું માધ્યમ સરખા હોય તો આપાત અને નિર્ગત આપતું કિરણ હંમેશા સમાંતર હોય.

$\angle i = \angle e$

$${}_a\mu_w = \frac{\sin i}{\sin r_1}$$

$${}_w\mu_g = \frac{\sin r_1}{\sin r_2}$$

$${}_g\mu_a = \frac{\sin r_2}{\sin e}$$

ગુણાકાર કરતાં,

$${}_a\mu_w \times {}_w\mu_g \times {}_g\mu_a = 1$$

$$\boxed{{}_w\mu_g = \frac{1}{{}_a\mu_g \times {}_g\mu_a}}$$

$$\boxed{{}_w\mu_g = \frac{{}_a\mu_g}{{}_a\mu_w}}$$

$$\therefore \boxed{{}_2\mu_3 = \frac{{}_1\mu_3}{{}_1\mu_2}}$$

Lateral Deviation (બાજુથી વિચલન) :

જ્યારે પ્રકાશનું કિરણ કાચનાં સ્લેબમાંથી પસાર થાય ત્યારે આપાત કિરણ અને નિર્ગત આપતાં કિરણ વચ્ચેનાં લંબ અંતરને lateral deviation કહે છે.

www.scienceeducare.com

SCIENCE EDUCARE
www.scienceeducare.com

ΔABC માં

$\cos r = \frac{AB}{AC} = \frac{b}{AC}$

$AC = \frac{b}{\cos r}$



ΔACD માં

$\sin(i-r) = \frac{CD}{AC}$

$CD = AC \cdot \sin(i-r)$

$$\boxed{CD = \frac{b}{\cos r} \cdot \sin(i-r)}$$

પ્ર: આપેલી આકૃતિ માટે જો આપાત કિરણ અને બહાર આવતું કિરણ એકબીજાને સમાંતર હોય તો કયો વિકલ્પ સાચો છે.



(A) $\mu_1 = \mu_2$

(B) $\mu_2 = \mu_3$

(C) $\mu_3 = \mu_4$

✓(D) $\mu_4 = \mu_1$

પ્ર: $\sqrt{3}$ રિફ્રેક્ટીવ ઇન્ડેક્સ ધરાવતાં કાચનાં સ્લેબ પર 60° ખૂણો પ્રકાશનું કિરણ આપાત થાય છે. જે સ્લેબની જાડાઇ 5 cm હોય તો બાજુની વિચલન શોધો.

↳ $\mu = \sqrt{3}$

$i = 60$

$\therefore \mu = \frac{\sin i}{\sin r}$

$\sqrt{3} = \frac{\sqrt{3}/2}{\sin r} \Rightarrow \sin r = 1/2 \Rightarrow r = 30°$

www.scienceeducare.com

SCIENCE EDUCARE
www.scienceeducare.com

DATE

એ CD (બાજુથી વિચલન) $= \frac{5}{\cos 30^\circ} \cdot \sin(60-30)$

$\Rightarrow \frac{5\times 2}{\sqrt{3}} \times \frac{1}{2}$

$$\boxed{CD \Rightarrow \frac{5}{\sqrt{3}} \text{ cm}}$$

વાસ્તવિક ઊંચાઈ (h_{ac}) અને આભાસી (દેખીતી) ઊંચાઈ (N_{app}):

(i) ઘટ્ટ માધ્યમમાં વસ્તુ.



$\mu = \frac{h_{ac}}{h_{app}}$

વધારો $= h_{ac} - h_{app}$

$\Rightarrow h_{ac} - \frac{h_{ac}}{\mu}$

$\therefore$ વધારો $= h_{ac}(1 - 1/\mu)$

(2) વસ્તુ પાતળા માધ્યમમાં:



$\mu = \frac{h_{app}}{h_{ac}}$

$\therefore$ અંતર $\Rightarrow h_{app} - h_{ac}$

$\Rightarrow \mu h_{ac} - h_{ac}$

અંતર $\Rightarrow h_{ac}(\mu - 1)$

www.scienceeducare.com

SCIENCE EDUCARE
www.scienceeducare.com

DATE

Q.1



આપેલી આકૃતિમાં જ્યારે પક્ષી માછલીને જોવે ત્યારે પક્ષી અને માછલી વચ્ચેનું અંતર શોધો.

$$\mu = \frac{h_{ac}}{h_{app}} \Rightarrow \frac{4}{3} = \frac{24}{h_{app}} \Rightarrow h_{app} = 18\ cm$$

$\therefore$ અંતર $= 12 + 18 \Rightarrow$ 30 cm.

Q.2 પક્ષી 18 cm ઊંચાઈએ ઊડે છે. તેને પાણીની અંદર રહેલો નિરિક્ષક જોવે છે. તો તેને પક્ષી કેટલા અંતરે દેખાશે?



$$\mu = \frac{h_{app}}{h_{ac}}$$

$$\frac{4}{3} = \frac{h_{app}}{18}$$

$$\therefore h_{app} = \frac{18 \times 4}{3}$$

$$h_{app} = 24\ cm$$

www.scienceeducare.com

SCIENCE EDUCARE
www.scienceeducare.com

DATE

૪ ⇒ જુદા જુદા અવસ્થિત પ્રવાહી એકજીમ ઉપર મુકેલાં હોય :-



$$h_{ac} = h_1 + h_2 + h_3$$

$$\mu = \frac{h_{ac}}{h_{app}}$$

$$h_{app} = \frac{h_{ac}}{\mu}$$

$$h_{app} = \frac{h_1}{\mu_1} + \frac{h_2}{\mu_2} + \frac{h_3}{\mu_3}$$

કુલ ઊંચાઈ વધારો $= h_1\left(1-\frac{1}{\mu_1}\right) + h_2\left(1-\frac{1}{\mu_2}\right) + h_3\left(1-\frac{1}{\mu_3}\right)$

ઊ.દા. કાચમાં ઘાનો પરપોટો એક તરફથી 5 cm અને વિરુદ્ધ તરફથી 2 cm અંતરે દેખાય છે. તો કાચની મડાઈ શોધો.



$$h_{ac} = h_{app} \times \mu$$

$$h_{ac_1} = 1.5 \times 5 = 7.5\ cm$$

$$h_{ac_2} = 1.5 \times 2 = 3\ cm$$

કુલ $= (7.5 + 3)\ cm$

$\Rightarrow 10.5\ cm$

or

$h_{ac} = 1.5 \times 7 \Rightarrow 10.5\ cm$

Q: 8 cm મડાઈની લંબચોરસ ટાંકી પાણીથી સંપૂર્ણ ભરેલી છે. તો ટાંકીનું તળિયું કેટલી ઊંડાઈએ દેખાય.

↳ $\mu = \frac{h_{ac}}{h_{app}} \Rightarrow \frac{4}{3} = \frac{8}{h_{app}} \Rightarrow h_{app} = 6\ cm$

www.scienceeducare.com

SCIENCE EDUCARE
www.scienceeducare.com

DATE

Q: કાગળનાં ટુકડાને માઇક્રોસ્કોપથી જોવામાં આવે છે. જો કાગળ પર 3 cm જાડાઈનો કાચનો સ્લેબ ($\mu = 1.5$) મુકવામાં આવે તો કાગળને જોવા માટે માઇક્રોસ્કોપને કેટલું ખસેડવું પડે?

↳ વધ ખસેડવું પડતું ⇒ $3\left(1 - \frac{1}{1.5}\right)$

$\Rightarrow 3\left(1 - \frac{10}{15}\right)$

⇒ 1 cm ઉપરતરફ.

Q: બીકરનાં તળિયે રહેલાં સિક્કાને માઇક્રોસ્કોપથી જોવામાં આવે છે. હવે માઇક્રોસ્કોપને 1 cm ઉપર તરફ લઈ જવામાં આવે છે. તો સિક્કાને ફરીથી Focus કરવા બીકરમાં કેટલું પાણી ભરવું જોઈએ.

⇒ વધારો = $h_{acc}\left(1 - \frac{1}{\mu}\right)$

$1 = h_{acc}\left(1 - \frac{1}{4/3}\right)$

$\boxed{h_{acc} = 4 \text{ cm}}$

પૂર્ણ આંતરિક પરાવર્તન (T.I.R):

જ્યારે પ્રકાશનું કિરણ ઘટ્ટમાંથી પાતળા માધ્યમમાં ગતિ કરે ત્યારે તે સંજયી દૂર વળે છે. જો આપાતકોણ વધારવામાં આવે તો વક્રીભવનકોણ પણ વધે છે. ક્રાંતિકોણ કહેવાતાં આપાત કોણ માટે, વક્રીભવનકોણ 90° થાય છે. જો હજુ આપાતકોણ વધારવામાં આવે તો કિરણ પાછું તે જ માધ્યમમાં આવે છે. તેની તીવ્રતાં પણ સમાન રહે છે. તેને પૂર્ણ આંતરિક પરાવર્તન કહે છે.

www.scienceeducare.com



↳ શરતો: (i) પ્રકાશનું કિરણ ઘટ્ટ માંથી પાતળા માધ્યમમાં જ જ્યુ મેઈએ.

(2) $i > i_c$

↳ સ્નેલનો નિયમ,

$$d\mu_r = \frac{\sin i}{\sin r}$$

જ્યારે $i = i_c \Rightarrow r = 90°$

$$\therefore \frac{1}{r\mu_d} = \frac{\sin i_c}{\sin 90°} \Rightarrow \frac{1}{r\mu_d} = \sin i_c$$

i_c પર આધાર રાખે.

⇒ i_c નો આધાર :

(i) μ પર

$$\sin i_c \propto \frac{1}{\mu}$$

(2) λ પર

$$\sin i_c \propto \frac{1}{\mu} \propto \lambda$$

$$\therefore i_c \propto \lambda$$

$i_{c\,\text{લાલ}}$ = મહત્તમ

$i_{c\,\text{મંજલી}}$ = ન્યુનતમ

www.scienceeducare.com

SCIENCE EDUCARE
www.scienceeducare.com

DATE

અમલીકરણ :

(1) હીરાની ચમકમાં ($\mu = 2.4$)

(2) રણમાં મરિચિકા મૃગજળમાં (થોડા અંતરે પાણીનો ભાસ થવો)

(3) ધ્રુવીય પ્રદેશમાં Looming માં (જહાજનું ઊલટુ દેખાવુ).

(4) ઓપ્ટીકલ ફાઇબર (મોબાઇલ કંપની અને કેબલમાં ઉપયોગી



ex: x અને y પ્રવાહીમાં પ્રકાશની તરંગલંબાઇ અનુક્રમે 3500 A° અને 7000 A° છે. તો ક્રાંતિકોણ શોધો.

$$\sin i_c = \frac{1}{r\mu_d} \Rightarrow \frac{\mu_r}{\mu_d} = \frac{\lambda_d}{\lambda_r}$$

$$\sin i_c = \frac{3500}{7000} \Rightarrow \frac{1}{2} \Rightarrow \therefore i_c = 30^\circ$$

Q: કાચ ($\mu = 1.5$)નાં પ્રિઝમને પાણીમાં ડુબાડવામાં આવે છે. AB પર લંબ રીતે પ્રકાશ કિરણ આપાત કરીએ તો θનાં કયા મુલ્ય માટે BC થી પુર્ણ આંતરિક પરાવર્તન થશે?

SCIENCE EDUCARE
www.scienceeducare.com

$i > i_c$

$\theta > i_c$

$\sin\theta > \sin i_c$

$\sin\theta > \frac{1}{n\mu_d}$

$\sin\theta > \frac{\mu_r}{\mu_d}$ $\left[\mu \propto \frac{1}{\lambda}\right]$

$> \frac{\lambda_d}{\lambda_r}$

$> \frac{4/3}{3/2}$

$\boxed{\sin\theta > \frac{8}{9}}$



www.scienceeducare.com

SCIENCE EDUCARE
www.scienceeducare.com

DATE

* પ્રિઝમ, વિચલન અને વિક્ષેપણ (Dispersion) *

↳ **પ્રિઝમ:** તે બે સમતલ પરાવર્તક સપાટીથી બનેલું પારદર્શક માધ્યમ છે.



↳ **પ્રિઝમની કોણ શોધવાનું સૂત્ર:**



↳ પ્રથમ સપાટીનો વિચલન કોણ $\delta_1 = i - r_1$

↳ બીજી સપાટીનો વિચલન કોણ $\delta_2 = e - r_2$

Δ QOR માં

$\delta = \delta_1 + \delta_2$

$\Rightarrow (i - r_1) + (e - r_2) \Rightarrow i + e - (r_1 + r_2)$ — (1)

www.scienceeducare.com

SCIENCE EDUCARE
www.scienceeducare.com

ΔQRT માં, $r_1 + r_2 + T = 180$

$T = 180 - (r_1 + r_2)$

□AQTR માં, $\therefore A + T = 180^\circ$ { AQTR ચતુષ્કોણ છે }

$\therefore T = 180^\circ - A$

T નું મૂલ્ય સરખાવતાં,

$180 - (r_1 + r_2) = 180^\circ - A$

$\boxed{A = r_1 + r_2}$ — (2)

(1) માં મૂકતાં,

$\boxed{\delta = i + e - A}$ — (3)

ન્યૂનતમ વિચલન માટેનું સૂત્ર,

$\delta = \text{ન્યૂનતમ } (\delta_m)$

(i) $i = e$

(ii) $r_1 = r_2 = r$

(iii) BC || QR

(2) માં મૂકતાં,

$A = r + r \Rightarrow \boxed{A = 2r} \Rightarrow r \boxed{r = A/2}$

(3) માં મૂકતાં, $\delta_m = i + i - A$

$i \quad \delta_m = \dfrac{A + \delta_m}{2}$

વક્રીભવનનો નિયમ

$\mu = \dfrac{\sin i}{\sin r}$ $\qquad \mu = \dfrac{\sin\left(\frac{A+\delta_m}{2}\right)}{\sin A/2}$

www.scienceeducare.com

SCIENCE EDUCARE
www.scienceeducare.com

DATE

આલેખ :



i નું મુલ્ય વધારતાં δ ઘટશે. અને i નાં કોઇ નિશ્ચિત મુલ્ય માટે δ ન્યુનતમ થશે.

ઉદા.1: 30° નું ન્યુનતમ વિચલન કરતા 60° ત્રિઅમકોણના ત્રિઅમ પર પ્રકાશનું કિરણ આપાત કરવામાં આવે છે. તો ત્રિઅમનો μ શોધો.

↳ $A = 60° \; ; \; \delta = 30°$

$$\mu = \frac{\sin 45°}{\sin 30} \Rightarrow \frac{1}{\sqrt{2}} * \frac{2}{1} \Rightarrow \sqrt{2}$$

$$\boxed{\mu = \sqrt{2}}$$

ઉ.2: $\mu = \cot A/2$ ધરાવતાં ત્રિઅમ પર પ્રકાશનું કિરણ આપાત કરીને તો δ_m શોધો.

$$\cot A/2 = \frac{\sin (A+\delta_m/2)}{\sin A/2}$$

$$\cot A/2 \cdot \sin A/2 = \sin \left(\frac{A+\delta_m}{2}\right)$$

$$\cos A/2 = \sin \left(\frac{A+\delta_m}{2}\right)$$

www.scienceeducare.com

SCIENCE EDUCARE
www.scienceeducare.com

DATE

$$\sin\left(\frac{A+\delta_m}{2}\right) = \sin\left(90 - \frac{A}{2}\right)$$

$$\therefore \frac{A+\delta_m}{2} = 90 - \frac{A}{2}$$

$$A + \delta_m = 180 - A$$

$$\therefore \delta_m = 180 - 2A$$

ઉ.દા: સમબાજુ ત્રિકોણ (પ્રિઝમ) પર પ્રકાશનું કિરણ આપાત કરવામાં આવે છે. અહીં $\angle i = \angle e$ છે. અને $\angle i$ અને $\angle e$ નાં મૂલ્ય પ્રિઝમકોણથી $3/4$ ગણા છે. તો વિચલનકોણ શોધો.

↳ $e = i = \frac{3}{4}A$

$$\delta = i + e - A$$

$$= \left(\frac{3}{4}A + \frac{3}{4}A\right) - A \Rightarrow \frac{3}{2}A - A$$

$$\delta \Rightarrow A/2$$

$$\Rightarrow \frac{60}{2}$$

(∵ સમબાજુ ત્રિકોણ ∵ $A = 60$)

$$\boxed{\delta \Rightarrow 30^\circ}$$

ઉ.દા: પ્રિઝમકોણ 30° અને $\mu = \sqrt{3}$ ધરાવતાં પ્રિઝમ પર પ્રકાશનું કિરણ આપાત કરવામાં આવે છે. પ્રિઝમની બીજી સપાટી બહારથી Polished છે. આ સપાટીમાંથી ~~બહાર~~ પાછા આવતાં પ્રકાશનાં કિરણનું આપાતકોણ શોધો.

↳ $A = 30^\circ$, $r = 90^\circ$, $\mu = \sqrt{3}$

$$\mu = \frac{\sin i}{\sin r}$$

SCIENCE EDUCARE
www.scieneeducare.com

$\sqrt{3} = \frac{\sin i}{\sin 30^\circ}$

$\therefore \sin i = \sqrt{3} \times 1/2$

$\boxed{i \to 60^\circ}$



Q.E) A પ્રિઝમકોણ ધરાવતાં પ્રિઝમ પર 2A કોણે પ્રકાશનું કિરણ આપાત થાય છે. બીજી સપાટી ઉદ્દગમથી Polished છે જ્યાંથી કિરણ પાછું પરાવર્તન પામે છે તો μ શોધો.



$i = 2A$, $r = A$

$\mu = \frac{\sin i}{\sin r}$

$\mu = \frac{\sin 2A}{\sin A} \Rightarrow \frac{2\sin A \cos A}{\sin A}$

$\therefore \mu = 2\cos A$

કિસ્સો 1 : પ્રિઝમ પાતળો હોય. ($A < 10^\circ$)



$\mu = \frac{\sin\left(\frac{A+\delta m}{2}\right)}{\sin A/2}$

$\Rightarrow \frac{A+\delta m}{2A} \times 2$

$\mu A \Rightarrow A + \delta m$

$\delta m = (\mu - 1) A$

$\delta \propto \mu \propto 1/\lambda$ પરથી $\Rightarrow \delta \propto A$

www.scieneeducare.com

SCIENCE EDUCARE
www.scienceeducare.com

DATE

કિસ્સો 2 : જો પ્રકાશનું કિરણ પ્રિઝ્મમાંથી બહાર જ ન આવે.

$A > 2i_c$

$\frac{A}{2} > i_c$

$\sin\frac{A}{2} > \sin i_c$

$\sin\frac{A}{2} > 1/\mu$

$\therefore \boxed{\mu > \frac{1}{\sin\frac{A}{2}}}$



પ્રકાશનું વિભાજન : પ્રિઝ્મ પર સફેદ પ્રકાશ આપાત કરતાં તેનું 7 જુદા જુદા રંગોનાં પ્રકાશમાં વિભાજન થાય છે.

ઉ.દા : મેઘધનુષ.



પીળો - મધ્યરંગ

$\mu_y = \frac{\mu_v + \mu_R}{2}$

→ કોણીય વિભાજન (θ) : બે અંતિમ રંગનાં વિભાજનનાં તફાવતને કોણીય વિભાજન કહે છે.

www.scienceeducare.com

SCIENCE EDUCARE
www.scienceeducare.com

DATE

$$\theta = \delta_v - \delta_r$$
$$= (\mu_v - 1)A - (\mu_r - 1)A$$
$$\therefore \theta = (\mu_v - \mu_r)A$$

$$\theta \propto \mu \propto 1/\lambda$$

$$\theta \propto A$$

⇒ પિલાજન શક્તિ (ω): કોણીય પિલાજન અને મધ્ય રંગનાં પિલાજનનો ગુણોત્તર

$$\omega = \frac{\theta}{\delta_y}$$

$$\Rightarrow \frac{\delta_v - \delta_r}{\delta_y} \Rightarrow \frac{(\mu_v - 1)A - (\mu_r - 1)A}{(\mu_y - 1)A}$$

$$\boxed{\omega = \frac{(\mu_v - \mu_r)}{(\mu_y - 1)}}$$

ઉદા: $\mu = 1.5$ અને 5° પ્રિઝમકોણ ધરાવતાં પ્રિઝમ પર પ્રકાશનું કિરણ આપાત કરવામાં આવે છે. તો પિલાજન કોણ શોધો.

$$\delta_m = (\mu - 1)A$$
$$= (1.5 - 1)A \Rightarrow (0.5) \times 5^\circ$$
$$\delta_m \Rightarrow 2.5$$

ઉદા: 5° પ્રિઝમકોણનાં પ્રિઝમ પર સફેદ પ્રકાશ આપાત કરવામાં આવે છે. તો કોણીય પિલાજન શોધો.
($\mu_v = 1.659$ & $\mu_r = 1.641$)

↳ $\theta = (\mu_v - \mu_r)A$
$$= (0.018) \times 5^\circ \Rightarrow \frac{18 \times 5}{1000} \Rightarrow 0.9$$

DATE

⇒ પૂર્ણ આંતરિક પરાવર્તન આધારિત પ્રશ્નો:

Q:1. પાણીની સપાટીથી h ઊંડાઈએ રહેલી માછલી શંકુ દ્વારા મહત્તમ આકાશ જોવા ઇચ્છે છે. તો શંકુની ત્રિજ્યા શોધો.



Ans. $\sin i_c = \frac{1}{\mu} \Rightarrow \frac{r}{\sqrt{h^2+r^2}}$

$h^2 + r^2 = (\mu r)^2$

$\therefore \boxed{r = \frac{h}{\sqrt{\mu^2-1}}}$

Q:2 પાણીની સપાટીથી 4 m ઊંડાઈ પર બલ્બ મુકેલો છે અને સપાટી પર Bસ્ક મુકેલ છે. તો Bસ્કની ત્રિજ્યા શોધો જેથી પ્રકાશ બહાર ન જાવે. ($\mu = 5/3$).



$r = \frac{h}{\sqrt{\mu^2-1}}$

$\Rightarrow \frac{4}{\sqrt{(\frac{5}{3})^2-1}}$

$r \Rightarrow 3$ મીટર

Q:3 હવામાં ગતિ કરતું પ્રકાશ કિરણ કાચમાં દાખલ થાય છે. કાચની રિફ્રેક્ટીવ ઇન્ડેક્ષ μ અને જાડાઈ t છે. તો પ્રકાશને કાચમાંથી પસાર થવા લાગતો સમય શોધો.

www.scienceeducare.com

SCIENCE EDUCARE
www.scienceeducare.com

DATE

↳ $\mu = \frac{c}{v} \Rightarrow \frac{c}{t} \times$ સમય

$\therefore$ સમય $\Rightarrow \frac{\mu t}{c}$ (t = ભડાઈ)

પ્રિઝમનાં સમૂહ:

① વિભાજન (વગર વિચલને):

↳ વિચલન ન થાય તે માટે,

